અપીલ અરજી નં.૨૦૯ તા.૬–૧૦–૦૯/૧૦

અરજદારઃ– શ્રી દિનેશભાઈ ગોવિંદભાઈ ટાંક

સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :–*** આરટીઆઈ એકટ હેઠળ શ્રી દિનેશભાઈ ગોવિંદભાઈ ટાંકની તા.૧૦–૮–૦૯ ની અરજીથી અડાજણ રે.સ. નં.૩૧૧ ની મિલ્કતને નવી ટી.પી.સ્કીમ મુજબ ટી.પી. નં.૧૩ ફાળવેલ છે. જેના ફાયનલ પ્લોટ નંબર કયા ફાળવેલ છે. તેના નકશા સાથેની નકલો આપવા બાબત.

***સંદર્ભ :–*** અરજદાર મજકુરની તા.૬–૧૦–૦૯ ની અપીલ અરજી નં.૨૦૯/૨૦૦૯–૧૦

શ્રી દિનેશભાઈ ગોવિંદભાઈ ટાંકની તા.૧૦–૮–૦૯ ની અરજીથી અડાજણ રે.સ. નં.૩૧૧ ની મિલ્કતને નવી ટી.પી.સ્કીમ મુજબ ટી.પી. નં.૧૩ ફાળવેલ છે. જેના ફાયનલ પ્લોટ નંબર કયા ફાળવેલ છે. તેના નકશા સાથેની નકલો આપવા બાબતે ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનના પત્ર નં. વેસ્ટઝોન/આ./૩૦૮ તા.૫–૯–૦૯ થી દસ્તાવેજી ફી ભરી માહિતી લઈજવા જણાવેલ જેમાં માંગ્યા કરતા વધારે માહિતી લઈ જવા જણાવ્યાના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૬–૧૦–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી તથા દસ્તાવેજી ફી ના પત્રનું વિવરણ નિયમ–૫ મુજબ છે કે કેમ? તે અંગે સ્પષ્ટતા કરવા સહ પત્ર નં.આરટીઆઈ સેલ/૭૬૩ તા.૧૩–૧૦–૦૯ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તથા અરજદારને અપીલ અરજીમાં માંગ્યા કરતાં કઈ માહિતી વધુમાં લઈ જવા જણાવેલ છે તેની સ્પષ્ટતા અને નારાજગીના આધાર અને કારણ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદાર તરફથી અપીલ તબકકે તક આપવા છતાં કોઈ પૂરક વિગતો પૂરી પાડવામાં આવેલ નથી. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી પણ અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૧૦–૮–૦૯ ની અરજીથી અડાજણ રે.સ. નં.૩૧૧ ની મિલ્કતને નવી ટી.પી.સ્કીમ મુજબ ટી.પી. નં.૧૩ ફાળવેલ છે. જેના ફાયનલ પ્લોટ નંબર કયાં ફાળવેલ છે. તેના નકશા સાથેની નકલો આપવા માંગણી કરેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૩૦૮ તા.૫–૯–૦૯ થી " ઉપલબ્ધ રેકર્ડ 'એફ' ફોર્મ મુજબ ટીપી સ્કીમ નં.૧૩ (અડાજણ) રે.સ. નં.૩૦૮ + ૩૦૯, ૩૧૦ + ૩૧૧ ને ફા.પ્લોટ નં.૨૪૧, ૨૪૨ તથા ૨૫૨ ફાળવેલ છે જેના પાર્ટ પ્લાનની નકલના રૂા.૯૦૦/– કચેરીએ ભર્યેથી મળી શકશે તેવી માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. તેમ છતાં અરજદારે તા.૬–૧૦–૦૯ ના રોજ અપીલ અરજીમાં માંગ્યા કરતાં વધારે માહિતી લઈ જવા જણાવેલ છે તેવું જણાવી અપીલ અરજી કરેલ છે. જે અંગે અરજદારને અપીલ તબકકે તા.૧૩–૧૦–૦૯ ના રોજ પત્ર પાઠવેલ અને કઈ માહિતી વધુ લઈ જવા જણાવેલ છે તથા નારાજગીના આધાર અને કારણ રજૂ કરવા જણાવેલ. તેમ છતાં અરજદારે તેવી કોઈ વિગતો અત્રે મળેલ નથી. અત્રે રજૂ કરેલ વિગતો જોતાં અરજદારે માંગેલ ફાયનલ પ્લોટ કયાં આવેલ છે ? જે અંગેની વિગત ફા.પ્લોટ નં.૨૪૧,૨૪૨ અને ૨૫૨ ફાળવેલ છે તેમજ અરજદારે તેના નકશા સાથેની નકલોની માંગણી કરેલ છે તે અંગે જાહેર માહિતી અધિકારીએ પાર્ટ પ્લાનની નકલના રૂા.૯૦૦/– કચેરીએ ભર્યેથી મળી શકશે તેવી માહિતી અરજદારને પૂરી પાડેલ છે. જેમાં કોઈ વધારાની માહિતી હોય તેવું અત્રેની વિગતો પરથી જણાતું નથી. તેમ છતાં જાહેર માહિતી અધિકારીએ દસ્તાવેજ ફી ભરવા અંગેના પત્ર આરટીઆઈ કાયદાની કલમ–૭(૩) સાથે નિયમ–૫ અને ૩ હેઠળ નકલના વિવરણ સાથે સૂચિત કરવાનું રહે છે. જાહેર માહિતી અધિકારીના પત્ર પરથી તેમ થયે જણાતું નથી.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૦–૮–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી અંગે આરટીઆઈના કાયદાની કલમ–૭(૩) સાથે નિયમ–૫ અને ૩ અનુસાર દસ્તાવેજ ફી ભરવાના પત્ર ધ્વારા અરજદારને સૂચિત કરવા જણાવવામાં આવે છે. જે મળ્યેથી તદનુસારની ફી ભરપાઈ કરી માહિતી મેળવી લેવા અરજદાર સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૦ – ૦૯

***ડે.કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન).... જાણ તથા અમલ માટે
(૨) શ્રી દિનેશભાઈ ગોવિંદભાઈ ટાંક